# શાળાના સ્તરે વિદ્યાર્થીઓને જાતિયશિક્ષણ આપવા અંગે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

ચિરાગ બી. ઠક્કર
સંશોધન અભ્યાસક,
ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. સ્નેહલ એસ. શુક્લા
સંશોધન માર્ગદર્શક અને એસોસિયેટ પ્રોફેસર,
કામેશ્વર એમ.એડ્. કોલેજ
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**સારાંશ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ એ શાળાના સ્તરે વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ આપવુ જોઇએ કે નહિ તે અંગેનો હતો. વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ પૈકીની સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા માહિતિ એકત્રીત કરવામાં આવી હતી. માહિતિ એકત્રીકરણ માટે સંશોધન માર્ગદર્શકના માર્ગદર્શન અનુસાર લિકર્ટ પધ્ધતિ અનુસાર ત્રિબિંદુ પ્રકારની અભિપ્રાયવલી તૈયાર કરવામાં આવી હતી. યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા નમૂનો પસંદ કરેલ હતો જેમાં ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લાની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા 65 શિક્ષકોનો સમાવેશ કરેલ હતો  જે પૈકી માધ્યમિક વિભાગના 41 શિક્ષકો તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના 24 શિક્ષકો હતા. સંશોધનનો મુખ્ય હેતુ શાળાના સ્તરે વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ આપવા અંગે શિક્ષકોના અભિપ્રાયો તથા તેમના અભિપ્રાયો વચ્ચે વિવિધ ચલો જેવા કે જાતિ, શૈક્ષણિક લાયકાત, વય, વિભાગ જેવા ચલોના સંદર્ભમાં કોઇ સાર્થક તફાવત છે કે કેમ તે જાણવાનો હતો. સંશોધનના પરિણામો સૂચવે છે કે શિક્ષકોના અભિપ્રાયો વચ્ચે વિવિધ ચલો જેવા કે જાતિ, શૈક્ષણિક લાયકાત, વય, વિભાગ જેવા ચલોના સંદર્ભમાં કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી. ઉપરાંત, શિક્ષકોના જાતિય શિક્ષણ આપવા અંગેના હકારાત્મક વલણો જોવા મળ્યા હતા.

## ૧. પ્રસ્તાવના

આજના ઇન્ફોટેક જમાનામાં ભારત હવે વિશ્વના નકશામાં અન્ય દેશોની હરોળમાં સ્થાન લઇ રહ્યું છે. વાસ્તવમાં આપણે એક નવા પરિવર્તનશીલ ઇલેક્ટ્રોનીક યુગમાં પ્રવેશી ચુક્યા છે. તેમ છતાં જાતિય પ્રકૃતીના વિષયોની જાહેર ચર્ચાને ભારતીય સમાજમાં વ્યાપકપણે વર્જિત માનવામાં આવે છે, તેથી ભારતીય કિશોરોને પર્યાપ્ત અને અસરકારક જાતિય શિક્ષણ પહોંચાડવા માટે અવરોધક બને છે. મહારાષ્ટ્ર, ગુજરાત, છતીસગઢ અને કર્ણાટક સહિતના છ રાજ્યોમાં શાળાના સ્તરે જાતિય શિક્ષણ આપવાની બાબતે માતા-પિતા, શિક્ષકો, રાજકારણીઓ, સામાજીક આગેવાનો સહિત તમામ ક્ષેત્રોમાંથી જોરદાર વાંધા તથા આંશકાઓ વ્યક્ત કરવામાં આવી છે. તેઓના મતે જાતિય શિક્ષણ યુવાવર્ગ ને ભ્રષ્ટ કરે છે. ભારતિય સંસ્કૃતિના મૂલ્યને નષ્ટ કરે છે, ધર્મો સાથે સુસંગત નથી વગેરે. ઉપરોક્ત અભિપ્રાયો પરંપરાગત ભારતીય માનસીકતા કેન્દ્રમાં છે. તેને પડકારવા માટે ધૈર્ય, સમય અને આરોગ્યસંભાળ, વ્યવસાયકોની કુશળતા જરૂરી છે.

પ્રસ્તુત અભ્યાસમાં શાળાના સ્તરે વિદ્યાર્થીઓને જાતિયશિક્ષણ આપવું કે નહી, જો આપવું તો કેટલી માત્રામાં આપવું, કેવા માધ્યમો દ્વારા આપવું, કોના દ્વારા આપવું, જાતિયરોગો વિશે જણાવવું કે નહિ વગેરે વગેરે જેવા ક્ષેત્રોમાં શિક્ષકોના અભિપ્રાયો સ્વરચિત અભિપ્રાયવલીમાં લેવામાં આવ્યા, જેનો વિગતવાર અભ્યાસ નીચે મુજબ છે.

### ૨. સમસ્યાકથન

શાળાના સ્તરે વિદ્યાર્થીઓને જાતિયશિક્ષણ આપવા અંગે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ.

### ૩. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ સંશોધકે નીચે મુજબ નક્કી કર્યા હતા.

1. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના જાતિય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
2. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના સ્તરે જાતિય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયોનો જાતિ, વિસ્તાર, વય, શાળાના વિભાગના સંદર્ભમાં અભ્યાસ કરવો.

### ૪. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ સંશોધકે નીચે મુજબ નક્કી કરી હતી.

$Ho_1$: પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$: સ્નાતક શિક્ષકો અને અનુસ્નાતક શિક્ષકોએ વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$: 50 વર્ષ કે તેથી વધુ ઉંમરના શિક્ષકો અને 50 વર્ષથી નાની ઉંમરના શિક્ષકોએ વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$: માધ્યમિક વિભાગના શિક્ષકો અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોએ વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

### ૫. અભ્યાસના ચલો

પ્રસ્તુત અભ્યાસમાં જાતિ, વિસ્તાર, શિક્ષકોની વય, શાળાનો વિભાગ જેવા સ્વતંત્ર ચલો અને જાતિય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો - પરતંત્ર ચલ નો ઉપયોગ સંશોધકે કરેલ હતો.

### ૬. અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત અભ્યાસનું મહત્વ નીચે મુજબ દર્શાવી શકાય છે.

1. શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓને યોગ્યતાના ધોરણે જાતિય શિક્ષણ આપવા પ્રેરાશે, વિદ્યાર્થીઓની જાતિય શિક્ષણ મેળવવાની જીજ્ઞાસા અને લાગણીનો સ્વીકાર કરશે અને વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ મેળવવા માટે તુચ્છ અને હલકી ગુણવત્તાવાળા સંદર્ભોનો ઉપયોગ ન કરવા સમજાવશે.
2. શાળાઓ વિદ્યાર્થીઓ અને જાતિયશિક્ષણ વિષયના તજજ્ઞો વચ્ચે પરિસંવાદ યોજી શકશે.
3. વિદ્યાર્થીઓ જાતિય દુર્વ્યવહાર અથવા જાતિય શોષણનો બહાદુરીપુર્વક સામનો કરી શકશે.

### ૭. અભ્યાસની ક્ષેત્રમર્યાદાઓ

પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લામાં આવેલી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાઓના માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો પુરતો મર્યાદિત હતો.

## ૮. વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લામાં આવેલી ગુજરાતી માધ્યમની માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો સમાવેશ થયેલ હતો.

## ૯. નમૂનો

પ્રસ્તુત સંશોધનના નિર્દેશમાં આશરે 10 થી 12 શાળાઓના 65 શિક્ષકોને યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા જે પૈકી માધ્યમિક વિભાગના 41 શિક્ષકો તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના 24 શિક્ષકો હતા. જે-તે શાળામાં માહિતી એકત્રીકરણ વખતે તમામ શિક્ષકોનો નિદર્શમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા નિદર્શની પસંદગી થયેલ હતી.

## ૧૦. સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ વર્તમાન સમસ્યાના ઉકેલ માટે હોઇ વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ પૈકીની સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા હાથ ધરાયેલ હતો.

## ૧૧. સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસના સંશોધન ઉપકરણ તરીકે સંશોધન માર્ગદર્શકના માર્ગદર્શન અનુસાર લિકર્ટ પધ્ધતિ અનુસાર ત્રિબિંદુ પ્રકારની અભિપ્રાયવલી તૈયાર કરવામાં આવેલ હતી. અભિપ્રાયવલી તૈયાર કરતી વખતે ભારતની સંસ્કૃતિ, શિક્ષણ પધ્ધતિ અને વર્તમાન સમયની જરૂરીયાત જેવી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવી હતી. ઉપરાંત અભિપ્રાયવલીની અંતિમ રચનામાં શાળાના શિક્ષકો, આચાર્યો, વિષયનિષ્ણાતો વગેરેના સુચનો ધ્યાને લીધેલા હતા.

## ૧૨. આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ

પ્રસ્તુત અભ્યાસમાં એકત્રીત માહિતીનું આંકડાશાસ્ત્રીય પૃથ્થકરણ કરવા માટે સરાસરી (Mean), પ્રમાણિત વિચલન (SD) , મધ્યકની પ્રમાણભુલ (SEM) અને t મુલ્ય જેવી પ્રયુક્તીઓનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

## ૧૩. માહિતીનું પૃથ્થકરણ

**$HO_1$ :** "પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."

**સારણી 1: પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે તફાવતની સાર્થકતા**

| જૂથ | સંખ્યા (N) | સરાસરી | પ્રમાણિત વિચલન(S.D) | મધ્યક ની પ્રમાણભૂલ SEM | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|---|
| પુરુષ શિક્ષકો | 52 | 158.2885 | 14.9290 | 8.1340 | 1.549 |
| સ્ત્રી શિક્ષકો | 13 | 145.6923 | 28.3619 | | |

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ છે કે, પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

**$HO_2$**"સ્નાતક શિક્ષકો અને અનુસ્નાતક શિક્ષકોએ વિદ્યાર્થીઓને જાતિયશિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."

**સારણી 2: સ્નાતક શિક્ષકો અને અનુસ્નાતક શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે તફાવતની સાર્થકતા**

| જૂથ | સંખ્યા (N) | સરાસરી | પ્રમાણિત વિચલન(S.D) | મધ્યક ની પ્રમાણભૂલ SEM | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|---|
| સ્નાતક શિક્ષકો | 22 | 156.2273 | 23.5875 | 5.6007 | 0.124 |
| અનુસ્નાતક શિક્ષકો | 43 | 155.5349 | 16.1677 | | |

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ છે કે, સ્નાતક શિક્ષકો અને અનુસ્નાતક શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

$HO_3$"50 વર્ષ કે તેથી વધુ ઉંમરના શિક્ષકો અને 50 વર્ષથી નાની ઉંમરના શિક્ષકોએ વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."

**સારણી 3: 50 વર્ષ કે તેથી વધુ ઉંમરના શિક્ષકો અને 50 વર્ષથી નાની ઉંમરના શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે તફાવતની સાર્થકતા**

| જૂથ | સંખ્યા (N) | સરાસરી | પ્રમાણિત વિચલન(S.D) | મધ્યક ની પ્રમાણભૂલ SEM | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|---|
| 50 વર્ષ કે તેથી વધુ ઉંમરના શિક્ષકો | 27 | 151.5185 | 22.7111 | 5.0094 | 1.451 |
| 50 વર્ષથી ઓછી ઉંમરના શિક્ષકો | 38 | 158.7895 | 15.0892 | | |

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ છે કે, 50 વર્ષ કે તેથી વધુ ઉંમરના શિક્ષકો અને 50 વર્ષથી નાની ઉંમરના શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

$HO_4$"માધ્યમિક વિભાગના શિક્ષકો અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોએ વિદ્યાર્થીઓને જાતિયશિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."

**સારણી 4: માધ્યમિક વિભાગના શિક્ષકો અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે તફાવતની સાર્થકતા**

| જૂથ | સંખ્યા (N) | સરાસરી | પ્રમાણિત વિચલન(S.D) | મધ્યક ની પ્રમાણભૂલ SEM | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|---|
| માધ્યમિક વિભાગના શિક્ષકો | 41 | 157.0976 | 20.2000 | 4.5931 | 0.783 |
| ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો | 24 | 153.5000 | 16.3547 | | |

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ છે કે, માધ્યમિક વિભાગના શિક્ષકો અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

## ૧૪. અભ્યાસનાં તારણો

પ્રસ્તુત અભ્યાસનાં તારણો નીચે મુજબ મળ્યા હતા.

1. પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.
2. સ્નાતક શિક્ષકો અને અનુસ્નાતક શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.
3. 50 વર્ષ કે તેથી વધુ ઉંમરના શિક્ષકો અને 50 વર્ષથી નાની ઉંમરના શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.
4. માધ્યમિક વિભાગના શિક્ષકો અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

## ૧૫. શૈક્ષણિક ફલિતાર્થ

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થ નીચે મુજબ મળશે.

1. શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓની જાતિય શિક્ષણ મેળવવાની જિજ્ઞાસાને સંતોષવા પ્રયત્ન કરવો જોઇએ.
2. શાળા વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ પૂરુ પાડવા વિશિષ્ટ પધ્ધતિઓ જેવી કે જાહેરચર્ચા, પરિસંવાદો, વિષય નિષ્ણાંતો સાથે મુક્ત ચર્ચા જેવા નાવીન્યપૂર્ણ કાર્યક્રમો યોજવા જોઇએ.
3. જાતિય શિક્ષણ મેળવવા વિદ્યાર્થીઓ દેખાદેખીમાં ખોટા સાહિત્યની પસંદગીના કરે તેનું ખાસ ધ્યાન શાળાઓએ રાખવું જોઇએ.
4. વિદ્યાર્થીઓની માનસીક તેમજ શારીરીક વયને ધ્યાનમાં રાખીને શિક્ષકોએ જાતિય શિક્ષણ પુરૂ પાડવુ જોઇએ.
5. સરકારશ્રી તરફથી ચોક્કસ માર્ગદર્શીકા બહાર પાડવી જોઇએ જેમાં કયા ધોરણના વિદ્યાર્થીઓને કેટલું અને કયા પ્રકારનું જાતિય શિક્ષણ આપવું જોઇએ જેની સ્પષ્ટતા કરવી જોઇએ.

## ૧૬. ભાવિ સંશોધન માટેની ભલામણો

પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લાની ગુજરાતી માધ્યમની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો પર હાથ ધરવામાં આવેલ હતો. ભવિષ્યમાં નીચે મુજબના સંશોધનો હાથ ધરી શકાય.

1. ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લાને બદલે અન્ય જિલ્લો કે અન્ય રાજ્ય લઇ શકાય.
2. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને બદલે પ્રાથમિક શાળાના શિક્ષકો લઇ શકાય
3. ગુજરાતી માધ્યમની શાળાને બદલે અન્ય માધ્યમની શાળા લઇ શકાય
4. શાળાના શિક્ષકોની બદલે સ્નાતક કે અનુસ્નાતક કોલેજોના પ્રધ્યાપકો અથવા વિદ્યાર્થીઓ લઇ શકાય
5. શિક્ષકમિત્રોને બદલે વાલીમિત્રો લઇ શકાય. ઉપરાંત સમાજના જુદા-જુદા વર્ગો અથવા જુદા-જુદા ધર્મના લોકો અથવા જુદી-જુદી જ્ઞાતીના લોકો પર હાથ ધરી શકાય.

## ૧૭. ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસના પરિણામો સૂચવે છે કે શાળાના સ્તરે વિદ્યાર્થીઓને જાતિય શિક્ષણ આપવું એ વર્તમાન સમયની જરૂરિયાત છે. યોગ્ય સમયે પ્રાપ્ત કરેલ જાતિય શિક્ષણ દ્વારા વિપરીત સંજોગોમાં જાતિય શોષણ વિરુધ્ધ વિદ્યાર્થી પોતાનો સ્વબચાવ કરવા સક્ષમ બને છે. તદઉપરાંત વિપરીત સંજોગોમાં ખૂબ જ જલ્દીથી સામાજિક અનુકુલન સાધી શકે છે અને સમાજમાં તેમને પુરા માન-સન્માન સાથે પુન: સ્થાપિત કરી શકાય છે.

**સંદર્ભ સૂચિ**


1. આચાર્ય, મોહિની ડી. (2008) શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર, અમદાવાદ: અક્ષર પબ્લિકેશન્સ.
2. દેસાઇ, હરિભાઇ જી. (1970). સંશોધન અહેવાલ રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
3. Desai, K. G., and Desai, H.G., (1997). Research Methodology, Ahmedabad Univesity Granth Nirman Board.
4. http://hdl.handle.net/10603/140514
5. http://hdl.handle.net/10603/46124
6. McMillan, J.H.Schumascher.S. (1989). Research in Education, New York: Harper Collins
7. Patel R.S. (2008). Shaikshnik sansodhan mate Aankadashstriy Padhhatio (second education) Ahmedabad: jay publication
8. Shah, Dipika B. (2004). Shaikshnik Sansodhan (first education) Ahmedabad: university granthnirman board, Gujarat State